પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com


# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૫૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૯-૧૦-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 58 PRICE :-RS. 1.50 DATE : 29-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# કર્ણાટકમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના ૭ કેસ



નવી દિલ્હી,

કોરોના રસીના બન્ને ડોઝ નિશ્ચિત સમયગાળા વચ્ચે આપવામાં આવી રહ્યા છે. જોકે સરકારના આંકડા અનુસાર દેશભરમાં ૧૧ કરોડ લોકોએ કોરોનાની રસીનો પ્રથમ ડોઝ તો લીધો હતો જોકે બીજો ડોઝ નથી લીધો. આ ૧૧ કરોડ લોકોમાંથી ૩.૯૨ કરોડ લોકોએ પ્રથમ ડોઝ લીધો તેને ૭ સપ્તાહથી વધુનો સમય વીતી ગયો છે જ્યારે ૧.૫૭ કરોડ લોકોને ચારથી છ સપ્તાહનું મોડુ થઈ ગયું છે. તેવી જ રીતે ૧.૫૦ કરોડ લોકોને રસીનો બીજો ડોઝ લેવામાં બેથી ચાર સપ્તાહનું મોડુ થયું છે. ભારતમાં કોરોના વાઈરસના કેસોનું પ્રમાણ ઘટી રહ્યું છે પણ બીજી તરફ હવે કર્ણાટકમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના સાત નવા કેસો સામે આવ્યા છે. જેને પગલે તંત્ર દોડતુ થઈ ગયું છે. જોકે આ વેરિઅન્ટને કારણે નવા કોઈ મોત નથી નિપજ્યા. પણ મોટા ભાગનાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે દિલ્હીમાં પહેલી નવેમ્બરથી સ્કૂલ, કોલેજોને ફરી ખોલવામાં આવી રહી છે. દિલ્હીમાં કોરોના મહામારીને કારણે લોકડાઉન લાગુ કરાયું હતું જેથી ૧૯ મહિનાથી રાજ્યની સ્કૂલ અને કોલેજો બંધ હતી, જેને આખરે પહેલી નવેમ્બરથી ખોલવામાં આવી રહી છે. જોકે વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ સ્કૂલ કોલેજોમાં આવવાનો નિર્ણય લેવાનો રહેશે કોઈ પર તેના માટે દબાણ કરવામાં નહીં આવે. હાલ કેટલાક રાજ્યોમાં કેસો બહુ જ ઓછા સામે આવી રહ્યા હોવાથી સ્કૂલ કેલોજો ખુલી રહ્યા છે જ્યારે બીજી તરફ કેટલાક રાજ્યો પ્રતિબંધો લાગુ કરવાની તૈયારીમાં છે. કર્ણાટકમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના સાત નવા કેસ સામે આવતા ફરી પ્રતિબંધો લાગુ કરવાની તૈયારીમાં છે. અન્ય રાજ્યો જેમ કે પશ્ચિમ બંગાળ, બિહાર, કેરળ વગેરેમાં પણ પ્રતિબંધોની તૈયારી ચાલી રહી છે. કેરળમાં કોરોનાના નવા ૯૪૪૫ કેસો સામે આવ્યા હતા જેમાં ૯૩ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ૬૭૨૩ લોકોને સાજા કરી લેવાયા છે. જ્યારે દેશભરમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૩ હજાર ૪૫૧ કેસો સામે આવ્યા છે. મંગળવારે ૫૮૫ લોકોના કોરોનાને કારણે મોત નિપજ્યા હતા. જોકે એક જ દિવસમાં ૧૪૦૨૧ લોકોને સાજા પણ કરી લેવામાં આવ્યા છે. બીજી તરફ એક્ટિવ કેસ છેલ્લા ૨૪૨ દિવસમાં ઘટીને ૧.૬૨ લાખે પહોંચ્યા છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગના જિલ્લાના સોનારપુર મ્યુનિ. વિસ્તારમાં ત્રણ દિવસ માટે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. દુર્ગા પૂજા બાદ બંગાળમાં કોરોનાના કેસોમાં એક વખત ફરી વધારો જોવા મળ્યો છે. હાલ બંગાળના આ જિલ્લામાં ૫૮ માઈક્રો કંટેનમેંટ ઝોન બનાવવામાં આવ્યા છે. બીજી તરફ બિહારમાં છઠ પૂજાની તૈયારી ચાલી રહી છે, જેને પગલે રાજ્યમાં એલર્ટ આપવામાં આવ્યું છે. તેવી જ રીતે છત્તીસગઢમાં હાલ બેગણી ઝડપથી કોરોનાના મામલા સામે આવી રહ્યા છે. અહીં છેલ્લા સાત દિવસથી દરરોજ કોરોનાના ૨૯ કેસો સામે આવી રહ્યા છે.

## દેશની પહેલી બુલેટ ટ્રેન સુરતથી બીલીમોરા દોડશે

નવી દિલ્હી,

સરકાર આ પ્રોજેક્ટને ૨૦૨૩ સુધીમાં પૂરો કરવા માગે છે પરંતુ મહારાષ્ટ્રમાં અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. મહારાષ્ટ્રમાં જમીન અધિગ્રહણના કામમાં ઘણી સુસ્તી જણાઈ રહી છે. ત્યારે હવે જ્યારે પણ સમીક્ષા બેઠક યોજાય તેમાં મહારાષ્ટ્રને અરીસો દેખાડવાનો પ્રયત્ન થતો રહે છે.દેશની પહેલી બુલેટ ટ્રેન મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડવાની છે. તે પ્રોજેક્ટના એક ચરણને કદાચ સમય પહેલા જ શરૂ કરી દેવામાં આવશે. જાણવા મળ્યા મુજબ ગુજરાતમાં સુરતથી બીલીમોરા વચ્ચેની બુલેટ ટ્રેનને ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે. આ ટ્રેન શરૂ થયા બાદ ૫૦ કિમીની મુસાફરી માત્ર ૧૫ મિનિટમાં જ પૂરી થઈ જશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટૂંક સમયમાં જ દેશની પહેલી બુલેટ ટ્રેન સુરતથી બીલીમોરા વચ્ચે દોડશે તેવી માહિતી આપી હતી. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર ખૂબ જ ઝડપથી કામકાજ ચાલી રહ્યું છે. દર મહિને ૫૦ પિલર કંસ્ટ્રક્ટ કરવામાં આવી રહ્યા છે. આ ઝડપને ધ્યાનમાં રાખીને રેલવે મંત્રી માને છે કે, થોડા સમયમાં જ બુલેટ ટ્રેનનું ઘણું કામ પૂરૂ થઈ જશે. અગાઉ પણ એવી જાણકારી સામે આવી હતી કે, હાઈ સ્પિડ રેલ કોરિડોર માટે પહેલું સેગમેન્ટ તૈયાર કરી લેવામાં આવ્યું છે. આ સેગમેન્ટ ગુજરાતના નવસારી (ચેનિજ ૨૪૫) સ્થિત એક કાસ્ટિંગ યાર્ડમાં ઢાળવામાં આવ્યા છે. આ સેગમેન્ટની લંબાઈ ૧૧.૯૦થી ૧૨.૪ મીટર અને પહોળાઈ ૨.૧થી ૨.૫ મીટર જેટલી અને ઉંડાઈ ૩.૪૦ મીટર હોવાનું કહેવામાં આવ્યું છે. તેનું વજન પણ ૬૦ મેટ્રિક ટન જેટલું હોવાનું કહેવામાં આવ્યું છે. જાણવા મળ્યા મુજબ હજુ આવા વધુ ૧૯ સેગમેન્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીએ વિશ્વાસ આપ્યો હતો કે, હવે આ પ્રોજેક્ટની ઝડપ બુલેટ કરતા તેજ થઈ ગઈ છે અને તેને સમયસર પૂર્ણ કરવામાં આવશે. સરકારે ૨૦૨૩ની ડેડલાઈન સેટ કરીને રાખી છે. એવી આશા છે કે, ૧૨ સ્ટેશન પર રોકાનારી અમદાવાદ ટુ મુંબઈવાળી બુલેટ ટ્રેન જલ્દી શરૂ કરી દેવામાં આવશે.

## દિવાળી આવતા ટુર પેકેજ કરતા હવાઈ મુસાફરી મોંઘી



અમદાવાદ,

દિવાળી વેકેશનમાં દિલ્હી, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ વગેરે સ્થાન પર લોકો જવાનું પસંદ કરી રહ્યા છે. જોકે હાલ કોરોનાની પરિસ્થિતિને જોતા મહારાષ્ટ્ર તથા સાઉથના રાજ્યોમાં લોકો વેકેશન પર જવાનું ટાળી રહ્યા છે. જોકે હાલ સ્થિતિ એવી ઉભી થઈ છે કે એક તરફ જ્યાં ટ્રેનોનું બુકિંગ ફૂલ છે અને ફ્લાઈટની ટિકિટના ભાડા ડબલ છે. જેના કારણે પૂછપરછ માટે આવતા લોકો ફ્લાઈટ ટિકિટના ભાડા સાંભળીને અન્ય રાજ્યમાં પ્રવાસનો વિચાર પડતો મૂકી રહ્યા છે અને ગુજરાતમાં જ કોઈ સારા સ્થળે એક કે બે દિવસના પ્રવાસનું આયોજન કરી રહ્યા છે. તો બીજી તરફ ઈન્ટરનેશનલ ટૂરની વાત કરવામાં આવે તો પરિસ્થિતિ સામાન્ય જણાઈ રહી છે અક્ષર ટ્રાવેલ્સના મનીષ શર્માએ જણાવ્યું કે વિદેશ પ્રવાસ માટે માત્ર શ્રીલંકા, દુબઈ અને માલદિવ્સ જ ખૂલ્યું છે. જોકે ઈન્ટરનેશનલ ટૂરમાં મહત્વની વાત એ છે કે ફ્લાઈટ પણ ઓછી છે અને પ્રવાસીઓ પણ ઓછા છે. જેથી ભાવ સ્ટેબલ જણાઈ રહ્યા છે. અમદાવાદના પ્રોફેસર પંકજ શ્રીમાળી દર વર્ષે દિવાળીના વેકેશનમાં પરિવાર સાથે વેકેશન માણવા જાય છે. પરંતુ આ વખતે કોરોનાની સાથે સાથે મોંઘવારીને કારણે બજેટ ખોરવાયું હોવાથી પ્રવાસનું અયોજન ટાળ્યું છે.દિવાળી તહેવારોના સમયમાં વેકેશન દરમિયાન બહાર ફરવા જનારા લોકો માટે ઘાટ કરતાં ઘડામણ મોંઘું થયું હોવાની સ્થિતિ ઊભી થઈ છે. તહેવારોની મોસમમાં ટૂરિસ્ટ પ્લેસ પર જવા માટે ફ્લાઈટની ટિકિટના ભાવ ટૂર પેકેજની કિંમત પણ વધારે થઈ ગઈ છે, જેને કારણે ટૂર ઓપરેટર પણ મૂંઝવણમાં મુકાયા છે. એક તરફ ટ્રેન ટિકિટમાં વેઈટિંગ છે, તો બીજી તરફ ફ્લાઈટના ભાડામાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. હાલ જમ્મુ-કાશ્મીરથી લઈ અંદામાન- નિકોબાર સહિતનાં સ્થળોનું પ્રતિ વ્યક્તિદીઠ પથી ૭ દિવસનું ટૂર પેકેજનો ચાર્જ ૨૦થી ૨૫ હજાર છે. તો એની સામે એક વ્યક્તિની રિટર્ન હવાઈ સફર માટેની ટિકિટનો ભાવ ૩૦થી ૪૦ હજાર રૂપિયા છે. નવભારત હોલિડેના સંચાલક રોહિત ઠક્કરે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં કહ્યું કે કોવિડના કિસ્સા ઓછા થયા બાદ પ્રવાસન ક્ષેત્રે સકારાત્મક વાતાવરણ જોવા મળશે તેવી આશા હતી. પરંતુ પરિસ્થિતિ અલગ જ જોવા મળી રહી છે, કારણ કે જે ટૂર પેકેજનું સાત દિવસનું ભાડું હોય છે, તેના કરતાં એર ટિકિટનો ભાવ ડબલ જોવા મળી રહ્યો છે. જેના કારણે લોકો મૂંઝવણમાં મુકાયા છે કે મોંઘવારીના સમયમાં આ પ્રવાસ કેવી રીતે પોસાય!

## ભારત પર પ્રતિબંધ મુકવા સામે અમેરિકાના બે સેનેટરોએ બાઈડનને આપી ચેતવણી

નવી દિલ્હી,

ભારતને પણ આશા છે કે, અમેરિકા પ્રતિબંધમાંથી બાકાત રાખશે. કારણકે અમેરિકાએ રશિયા પાસેથી હથિયારો ખરીદનાર દેશો પર પ્રતિબંધ મુકવાનો કાયદો ૨૦૧૭માં બનાવ્યો તે પહેલા જ ભારતે એસ-૪૦૦ એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે વાતચીત શરૂ કરી દીધી હતી અને અમેરિકાએ પણ આ પ્રકારનો વિકલ્પ ભારતને ઓફર કર્યો નહોતો. ૨૦૧૯માં જ્યારે અમેરિકાએ આવી જ સિસ્ટમ આપવાનો પ્રસ્તાવ મુકયો ત્યારે ભારતની રશિયા સાથેની ડીલ થઈ ચુકી હતી. આ પહેલા ભારત આવેલા અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી વેન્ડી શર્મને એસ-૪૦૦ સિસ્ટમની ખરીદીનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે, આ સિસ્ટમનો ઉપયોગ જે દેશ કરે છે તેમના માટેની અમારી નીતિઓ પહેલેથી જ સ્પષ્ટ છે. અમેરિકા તુર્કી પર આ માટે પ્રતિબંધ મુકી ચુકયુ છે.રશિયા પાસેથી એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા બદલ અમેરિકા ભારત પર પ્રતિબંધ મુકવાનુ વિચારી રહ્યુ છે. બીજી તરફ અમેરિકાના રાજકારણીઓનો એક મોટો વર્ગ એવો પણ છે જે ભારત પર પ્રતિબંધ મુકાય તેમ ઈચ્છતો નથી. અમેરિકાની ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટીના બે સેનેટર માર્ક વોર્નર અને જોન કોર્નિને પ્રમુખ જો બાઈડનને અપીલ કરી છે કે, ભારતને અમેરિકાના કાયદામાંથી બહાર રાખવુ જોઈએ અને તેના પર પ્રતિબંધ મુકવામાં ના આવે. તેની પાછળ ઘણા કારણો છે. એક તો ભારત રશિયા પરની પોતાની નિર્ભરતા ઓછી કરી રહ્યુ છે. ભારત પર જો પ્રતિબંધ લગાવાશે તો ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ સબંધો, વેકસીનથી માંડીને એનર્જી તેમજ ટેકનોલોજીના મોરચે જે સહયોગ વધી રહ્યો છે તેના પર પણ અસર પડશે.

## કોરોના સામેના જંગમાં આગામી મહિનાથી ઘરે-ઘરે જઈને અપાશે વેક્સિન

નવી દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવીયાએ બુધવારે રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે કોવિડ વેક્સિનેશન, PM આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન યોજના અંગે ચર્ચા કરી હતી. આ સાથે જ ઈમરજન્સી કોવિડ-૧૯ રિસ્પોન્સ પેકેજ પર રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવીયાએ ટ્વીટમાં લખ્યું હતું કે, આજે રાજ્યો અને UTSના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરી. કોવિડ-૧૯ વેક્સિનેશન, કોવિડ પ્રબંધન તથા PM આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનને લઈ સાર્થક ચર્ચાઓ થઈ. આગામી એક મહિનો 'હર-ઘર દસ્તક' વેક્સિનેશન અભિયાન ચલાવવામાં આવશે. અન્ય એક ટ્વીટમાં તેમણે લખ્યું હતું કે, દરેક જિલ્લામાં સંપૂર્ણપણે વેક્સિનેશન કરવાનું છે. મને વિશ્વાસ છે કે, આપણે બધા દેશના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને સંપૂર્ણ વેક્સિનેશન તરફ સાથે મળીને કામ કરીશું. તેમણે જણાવ્યું કે, કોઈ પણ પૂર્ણ વેક્સિનેશન વગર ન રહે. ખરાબ પ્રદર્શન કરનારા જિલ્લાઓમાં પૂર્ણ વેક્સિનેશનના ઉદ્દેશ્યથી ડોર-ટુ-ડોર અભિયાન અંતર્ગત વેક્સિનેશન માટે આગામી એક મહિનો 'હર-ઘર દસ્તક' વેક્સિનેશન અભિયાન ચલાવવામાં આવશે. કોરોના મહામારીના ખાત્મા માટે કેન્દ્ર સરકાર સતત વેક્સિનેશન અભિયાન ચલાવી રહી છે. થોડા દિવસો પહેલા જ ૧૦૦ કરોડ વેક્સિન ડોઝ અપાયાનો રેકોર્ડ સ્થાપિત થયો હતો. વેક્સિનેશન અભિયાનમાં કોઈ બચી ન જાય તે માટે સરકારે હવે આગામી મહિનેથી 'હર-ઘર દસ્તક' વેક્સિનેશન અભિયાન શરૂ કરશે.

## ૬૦૦૦ કરોડના બેંક ઓફ બરોડા રેમિટન્સ કૌભાંડમાં ૬ની ધરપકડ

નવી દિલ્હી,


બેંક ઓફ બરોડાની અશોક વિહાર શાખામાંથી ૫૯ કરન્ટ એકાઉન્ટ હોલ્ડરોના ખાતામાંથી દક્ષિણ પૂર્વ એશિયન દેશોમાં ૬૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ મોકલવામાં આવી હતી. સીબીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર અશોક વિહાર બ્રાન્ચ બેંક ઓફ બરોડાની નવી શાખા હતી અને તેને ૨૦૧૩માં જ વિદેશી વ્યવહારો કરવાની મંજૂરી મળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જુલાઈ, ૨૦૧૪થી જુલાઈ ૨૦૧૫ દરમિયાન ૮૦૦૦ વ્યવહારો દ્વારા ૬૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. દરેક વ્યવહારની રકમ એક લાખ ડોલરથી ઓછી રાખવામાં આવી હતી.સીબીઆઈએ બેંક ઓફ બરોડાના ફોરેન એક્સચેન્જ રેમિટન્સ કૌભાંડના સંબધમાં ૬ લોકોની ધરપકડ કરી છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ કૌભાંડ ૨૦૧૫માં સપાટી પર આવ્યું હતું. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)એ આ કેસના સંબધમાં ૧૪ સ્થળોએ દરોડા પાડયા હતાં. ૨૦૧૫માં સપાટી પર આવેલા આ કૌભાંડમાં ૫૯ ખાતાઓમાંથી ગેરકાયદે ૬૦૦૦ કરોડ રૂપિયા વિદેશ મોકલાયા હતાં ઉલ્લેખનીય છે કે એજન્સીએ ૧૨ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સ્પેશિયલ જજની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.સીબીઆઈ પ્રવક્તા આર સી જોશીના જણાવ્યા અનુસાર આ ચાર્જશીટ બેંક ઓફ બરોડાના તત્કાલીન એજીએમ અને તત્કાલીન ફોરેક્સ ઓફિસર વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી. સીબીઆઈએ આજે તનુજ ગુલાટી, ઈશા ભુટાની, ઉજ્જ્વલ સુરી, હુન્ની ગોએલ, સાહિલ વાધવા અને રાકેશ કુમાર એમ કુલ ૬ લોકોની ધરપકડ કરી છે.એજન્સીએ ૨૦૧૫માં પણ બેંકના વિવિધ અધિકારીઓ અને અન્ય સામે કેસ દાખલ કર્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા હરીસિંહ પુનાભાઇ
મુ. હિન્દોલીયા, તા. દે.બારીયા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નાયકા શંકરભાઈ રાયસિંહ
મુ. પાચીયાશાળ-પટેલ ફળીયું, તા. દે.બારીયા



# મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં ક્રેડીટ આઉટરીચ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,

ભારત સરકાર દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત મહિસાગર જીલ્લાના લુણાવાડાના બેતાલીસ પાટીદાર સમાજ હોલ ખાતે મહીસાગર ઈન્ચાર્જ કલેકટર કે.ડી.લાખાણીની અધ્યક્ષતામાં અગ્રણી બેંકબેંક ઓફ બરોડા અને વિવિધ બેંકો દ્વારા ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે લાભાર્થીઓને સંબોધન કરતા ઈન્ચાર્જ કલેક્ટર લાખાણીએજણાવ્યું હતું કે, કોરાનાની વૈશ્વીક મહામારીના સમયમાં વ્યાપાર ઉદ્યોગોને થયેલી વિપરીત અસરોમાંથી બહાર લાવવા અને અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા બેંકો દ્વારા થયેલી આર્થિક ધિરાણ અને સહાયકારી પ્રવૃતિને બિરદાવી હતી. વધું તેઓએ ઉમેર્યુ હતુ કે રાષ્ટ્રના આર્થીક વિકાસ માટે જરૂરી નાણાંની પ્રવાહિતા અને સમાયોજન માટે બેંકોની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહે છે ત્યારે રાષ્ટ્રના કૌશલ્યવાન અને તાલીમબધ્ધ યુવા શક્તિનો રાષ્ટ્રના વિકાસમાં વિનિયોગ કરવા માટે બેંકો દ્વારા તેઓને આર્થિક સહાય અને સબીસીડી યુકત લોન દ્વારા અપાતું પ્રોત્સાહન આગવું પ્રેરકબળ પુરૂં પાડે છે. આ તકે તેઓએ તાલીમબધ્ધ યુવા સાહસિકોએ રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક પ્રવૃતિ દ્વારા સ્વ ના વિકાસ સાથે રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડા પ્રાદેશિક મેનેજર રોહિત કુમારે સૌને આવકારી ખાસ કરીને કોવિડ રોગચાળા પછીની પહેલના મહત્વ પર પ્રકાશ પાડયો. ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામનો એકંદર ઉદ્દેશ્ય બજારમાં વપરાશ અને માંગને વધારીને આર્થિક સ્વાસ્થ્યને પુનર્જીવિત કરવાનો છે, ક્રેડિટ ઑફ ટેક દ્વારા સુવિધા આપવામાં આવે છે અને દિવાળીની આગામી તહેવારોની મોસમની તકનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ કાર્યક્રમમાં બરોડા ગુજરાત ગ્રામીણ બેંક રીજીયોનલ મેનેજર ચંદ્ર મોહન સૈની, સાઉથગુજરાત ઝોન બેંક ઑફ બરોડા નેટવર્ક ડીજીએમ બી એસ. રાઠોર સહિત મહાનુભાવોએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. જેમાં ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ હેઠળ, વિવિધ ક્ષેત્રો જેમ કે MSME, કૃષિ, છૂટક વગેરેમાં ધિરાણનો વિસ્તાર કરવા ઉપરાંત, બેંકો PMJJBY, PMSBY અને APY ની જન સુરક્ષા યોજનાઓ હેઠળ વ્યક્તિઓની નોંધણી કરીને તેમના નાણાકીય સમાવેશ કવરેજને પણ વિસ્તૃત કરી રહી છે.

મહીસાગર જિલ્લામાં જ ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ દરમિયાન, બેંકોએ રૂ. ૪૩.૩૨ કરોડની રકમની ૧૨૯૪ લોન અરજીઓ મંજૂર કરી છે. જેમાંથી MSME ને ૬.૦૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, રૂ. ૮.૫૪ કરોડ, કૃષિ ક્ષેત્રમાં લાભાર્થીઓને અને રૂ. ૨૮.૭૫ કરોડ, છૂટક ક્રેડિટ મળી સમગ્ર જિલ્લામાં વિવિધ જન સુરક્ષા યોજનાઓમાં ૧૯૫૮ વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં એવા વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું કે જેમણે પોતપોતાના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે અને ક્રેડિટ લિન્કેજના સમર્થનથી સદ્ધર બન્યા છે. એમ.એસ.એમ.ઇ, મુદ્રા યોજના, મુખ્યમંત્રી મહીલા ઉત્કર્ષ યોજના, હોમ લોન સહિતના તમામ ક્ષેત્રોમાં ધિરાણ વિસ્તરવાના પ્રતિકરૂપે ૫૦ લાભાર્થીઓને ચેક અને મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બેંકો, ડીઆઈસી, નાબાર્ડે સ્ટોલ દ્વારા તેમની સંબંધિત ધિરાણ યોજનાઓ પ્રદર્શિત કરી હતી જેમાં અધિકારીઓએ અનેલોનવાચ્છુંઓએ મુલાકાત લીધી હતી. તેમજ બેંક ઓફ બરોડા જિલ્લાની વિવિધ બેંકોમાં મોખરે રહી છે જે કોવિડ રોગચાળા દરમિયાન ખોવાઈ ગયેલી વૃદ્ધિના માર્ગને ફરીથી મેળવવા માટે સખત પ્રયાસ કરી રહી છે.કાર્યક્રમના અંતે આભારદર્શન મહિસાગર લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર મિનેશ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં બેંક ઓફ ઈન્ડીયા એ.જી.એમ પારસનાથ પાંડે પંચમહાલ ડીસ્ટ્રીક્ટ બેંકના ડી.જી.એમ રમેશભાઇ પટેલ, નાબાર્ડ ડીડીએમ રાજેશ ભોસલે, વિવિધ બેંકો, નાણાકીય સંસ્થાઓના અધિકારીઓ અને વિવિધ પ્રકારની લોનના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલીત વોલીબોલ એકેડમીમાં અન્ડર ૧૭ વર્ષના ભાઇઓ-બહેનોના પ્રવેશ માટે હાઈટ હન્ટનું આયોજન

લુણાવાડા,

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલીત વોલીબોલ એકેડમી માં અન્ડર ૧૭ વર્ષના ભાઈઓ–બહેનોના પ્રવેશ માટે હાઈટ હન્ટનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં વય૧૩ વર્ષ ૨૦૦૮ સુધી, ઉંચાઇ છોકરીઓમાં ૧૬૬ સે.મી. પ્લસ અને છોકરાઓમાં ૧૭૩ સે.મી. પ્લસ, વય૧૪ વર્ષ ૨૦૦૭ સુધી, ઉંચાઇ છોકરીઓમાં ૧૭૧ સે.મી. પ્લસ અને છોકરાઓમાં ૧૭૯ સે.મી. પ્લસ, વય૧૫ વર્ષ ૨૦૦૬ સુધી, ઉંચાઇ છોકરીઓમાં ૧૭૩ સે.મી. પ્લસ અને છોકરાઓમાં ૧૮૪ સે.મી. પ્લસ,વય૧૬ વર્ષ ૨૦૦૫ સુધી, ઉંચાઇ છોકરીઓમાં ૧૭૫ સે.મી. પ્લસ અને છોકરાઓમાં ૧૮૭ સે.મી. પ્લસ, જણાવેલ વય અને ઉંચાઈની મર્યાદામાં રસ ધરાવનાર ભાઈઓ–બહેનોએ તા. ૩૦–૧૦ ૨૦૨૧ ના રોજ સવારે ૦૯–૦૦ કલાકે જન્મ તારીખના પુરાવા સાથે સરદાર પટેલ વિદ્યાલય, મોડાસા રોડ, લુણાવાડા ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે કંકુબેન ભરવાડ મો. ૯૯૭૮૨ ૩૨૮૪૮ પર સંપર્ક કરવા સિનીયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# શહેરા પોલીસ મથકે LRD ની ભરતી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ફોર્મ જમા કરાવવા લાંબી લાઇનો લાગી

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે ગ્રામ રક્ષક દળની ભરતીનો ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી રાત્રિ એ પણ મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનોની લાંબી લાઈન ભરેલ ફોર્મ જમા કરાવવા માટે લાગેલ હતી. પોલીસ મથક ખાતે ગ્રામ રક્ષક દળની ભરતીના ૯૦૦થી વધુ ફોર્મ ભરાયા હતા.

શહેરા તાલુકાના ગ્રામિણ વિસ્તારના બેરોજગાર યુવાનો નોકરી મળવાની તક ને લઈને



તસ્વીર : તુષાર દરજી, શહેરા

## શહેરા ખાતે ૯૦૦ ઉપરાંત ફોમ ભરાયા

પોલીસ મથક ખાતે ગ્રામ રક્ષક દળની ભરતીના ફોર્મ મેળવ્યા હતા. તાલુકાના મુખ્ય પોલીસ મથક ખાતે અનેક બેરોજગાર યુવાનોએ ગ્રામ રક્ષક દળ ભરતીના ફોર્મ મંગળવાર ના રોજ મેળવીને તે દિવસે અમુક યુવાનોએ ફોર્મ ભરીને જમા કરાવ્યા હતા. જયારે ગુરૂવારના રોજ આ ભરતીનો ફોર્મ ભરવાના અંતિમ દિવસ હોવાથી તાલુકાના મુખ્ય પોલીસ મથક ખાતે સવારથી જ ઘણા બધા યુવાનો ભરેલ ફોર્મ પોલીસ મથક ખાતે જમા કરાવવા માટે લાંબી લાઈનમાં ઊભા રહેલા નજરે પડી રહયા હતા. પોલીસ મથક ખાતે અંધારૂ થઈ જવા છતાં ગ્રામ રક્ષક દળના ભરેલ ફોર્મ જમા કરાવવા માટે મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનો ની લાંબી કતારો લાગેલ હતી. ગ્રામ રક્ષક દળની ભરતીના ફોર્મ જમા કરાવવા માટે યુવાનોની લાગેલ લાંબી લાઈન ને જોતા રાત્રીના ૧૦:૦૦ વાગ્યા કરતાં વધુ સમય સુધી કામગીરી ચાલી શકે તેવી શક્યતા જોવા મળી રહી હતી. તાલુકા માંથી મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનોએ નોકરી મળવાની અનેક આશા અપેક્ષા સાથે ગ્રામ રક્ષક દળની ભરતીમાં ફોર્મ ભર્યા હતા. ત્યારે પોલીસ વિભાગ દ્વારા પણ ગ્રામ રક્ષક દળ ની ભરતી નિયમ મુજબ કરવામાં આવનાર છે. જયારે શહેરા સહિત જિલ્લાભર માંથી પાંચ હજારથી વધુ બેરોજગાર યુવાનોએ જિલ્લામાં આવેલ તાલુકા મથક ખાતે ગ્રામ રક્ષક દળ ના ફોર્મ ભર્યા હતા.

(પાન નં.૪ નું ચાલુ)


## ગોધરાના પ્રોફેસર ડો રૂપેશ.....

રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ (૨૦૧૯–૨૦) આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ પ્રાપ્ત કરીને ડો રૂપેશ નાકરે સમસ્ત પંચમહાલ–દાહોદનું નામ રાજ્ય કક્ષાએ રોશન કર્યું છે. તેથી આ જિલ્લાના સમગ્ર શિક્ષણ જગતમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રસંગે એસ.જી.જી.યુના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ, રજિસ્ટ્રાર અનિલભાઈ સોલંકી, એન.એસ.એસ. કો–ઓર્ડીનેટર નરસિંહભાઈ પટેલ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના કન્વીનર અને કાકણપુર કોલેજના આચાર્ય ડો.જે એન શાસ્ત્રી, શેઠ પી.ટી. કોલેજના પ્રિન્સિપાલ એમ.બી. પટેલ, રાયસિંગપુરા પ્રા. શાળાના શિક્ષક મહેન્દ્રકુમાર પરમાર તથા વિસ્તારના યુવાકવિ જયદીપસિંહ ઠાકોરે પણ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ઈનોવેટીવ પ્રોફેસર ડો.નાકરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનું આખા રાજ્યમાં આ રીતે ગૌરવ વધારવાથી મધ્ય ગુજરાત વિસ્તારના અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર ફરી વળી છે.

## મોરવા(હ)ના ડાંગરીયા.....

પોતાનું વાહન પુરઝડપે હંકારીને રોડ સાઈડમાં પલ્ટી ખવડાવી દીધેલ હોય લોડીંગ છકડામાં બેઠેલ સરદારભાઈ મોતીભાઈ બારીયા ઉ.વ.૫૨ રહે. મોરવા(હ) ગોબલી ફળીયાને ગંભીર ઈજાઓ પહોંચાડી જતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરતા દવા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ભારતના રાષ્ટ્રપતિ કોવિંદ ૩ દિવસના ગુજરાત પ્રવાસે



ગાંધીનગર,

રાષ્ટ્રપતિના પ્રવાસને લઈને ભાવનગરમાં પણ તૈયારીઓ થઇ ગઈ છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સવારે ૧૦ કલાકે ભાવનગર એરપોર્ટ પહોંચ્યા બાદ હેલિકોપ્ટરથી મહુવા જશે. મહુવામાં કથાકાર મોરારીબાપુ સાથે તેઓ મુલાકાત અને ભોજન કરશે. જે બાદ સાંજે પોણા પાંચ કલાકે સુભાષનગર ખાતે PM આવાસ યોજના હેઠળ બનેલા ૧૦૮૮ મકાનોનું લોકાર્પણ કરશે. આ આવાસોનું ૬૩ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને CM ભૂપેન્દ્ર પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. અને તારીખ ૩૦ મી ઓક્ટોબરે રાષ્ટ્રપતિ દિલ્હી જવા રવાના થશે.રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આજે તેઓ ગાંધીનગરમાં કાર્યક્રમમાં હાજર રહેશે. જ્યારે કે શુક્રવારે ભાવનગરની એક દિવસીય મુલાકાતે છે. તેઓ ગાંધીનગર, અમદાવાદ અને ભાવનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. મહામહિમના પ્રવાસને લઈ પોલીસ અને સરકારી તંત્ર દ્વારા તડામાર વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવનની અખબારી યાદી મુજબ રાષ્ટ્રપતિ ૨૮ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાત લેશે અને ૩૦ ઓક્ટોબર સુધી અહીંયા જ રહેશે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ કોવિંદ ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશો સાથે સાંજે 'હાઈ ટીહ્ન કાર્યક્રમમાં ભાગ લેશે. રાષ્ટ્રપતિ કોવિંદ ૨૯ ઓક્ટોબરે ભાવનગર જશે. ત્યાં જિલ્લામાં સમાજના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે આવાસ યોજના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન પણ કરશે.

# સંતરામપુર તાલુકાના ખેરવા ગામે દબાણ દૂર કરવા માટે મામલતદાર દ્વારા નોટિસ આપવામાં આવી

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ખેરવા ગામ ગ્રામજનોની રજૂઆત માં આધારે આજરોજ મામલતદાર દ્વારા સરકારી જમીનમાં દબાણ કરી મૂકયું હતું. સર્વે નંબર ૧૧૪ ૬૭ તથા ૨૩૨ જુના સરવે નંબર ૧૫૬ વાળી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે. સદર જમીન સરકારની માલિકીની છે. જમીનમાં સમક્ષ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય પ્રવેશ પર્વ ગુનો બને છે. તેમ છતાંય તેઓએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને દબાણ કરી મૂકેલું છે. આ અંગે નોટિસ આપવામાં આવે છે કે દિવસ સાતની અંદર પોતાના સ્વખર્ચે દબાણ દૂર કરી દેવું ન જો તમારા માલિકનો હોય તો આધાર પુરાવા રજૂ કરવાના રહેશે મુદત પહેલાં ખેરવા ગામે ગેરકાયદેસર રીતે દબાણ કરેલું ખુલ્લું કરી નાખવું જો તમે નહીં કરો તો સરકારી રાહે દબાણ ખુલ્લુ કરવામાં આવશે અને તેનો થનારો ખર્ચ જમીનની મહેસૂલ બાકી તરીકે તમારી પાસેથી વસૂલ કરવામાં આવશે આરતી સરકારી તંત્ર દબાણ કરનાર વ્યકિત રે દબાણ દૂર કરવાની લેખિતમાં નોટિસ આપેલી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# વડોદરામાં સરદાર એસ્ટેટથી વૃંદાવન ચાર રસ્તા સુધીના બ્રિજની દરખાસ્ત રજુ કરાઈ

વડોદરા,


વડોદરાના સરદાર એસ્ટેટ ચાર રસ્તા ખાતે અંદાજે ૫૫.૩૯ કરોડ, વૃંદાવન ચાર રસ્તા અંદાજે ૫૬.૭૪ કરોડના ખર્ચનું આયોજન હતું. ત્યારબાદ વડોદરા મહાનગરપાલિકાની મળેલી સંકલનની બેઠકમાં ધારાસભ્ય તથા રાજ્યમંત્રી મનીષાબેન વકીલ દ્વારા સરદાર એસ્ટેટ જંકશનથી વૃંદાવન જંકશન વચ્ચે સળંગ ફ્લાયઓવર બ્રિજ બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી અને તે માટે ૧,૩૦,૮૭,૯૧,૯૦૦નો અંદાજીત ખર્ચ રજૂ કર્યો હતો. સરદાર એસ્ટેટ ચાર રસ્તા ખાતે ફોરલેન બ્રિજ બનશે. જેની લંબાઈ ૭૦૨.૫૦ મીટર તથા પહોળાઈ ૧૬.૮૦ મીટર રહેશે. વૃંદાવન ચાર રસ્તા ખાતે ફોરલેન બ્રિજ બનશે. જેની પહોળાઈ ૧૬.૮૦ મીટર અને લંબાઈ ૭૨૫ મીટર હશે. જ્યારે સરદાર એસ્ટેટથી વૃંદાવન સુધી ફોર લેન ઓવરબ્રિજ બનશે. જેની પહોળાઈ ૧૬.૮૦ મીટર અને લંબાઈ ૧૯૩૧.૫૦ મીટર હશે. આ માટે અંડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ નડતરરૂપ વીજ, પાણી અને ડ્રેનેજની લાઈનો ડાયવર્ટ કરાશે. આમ બે અલગ-અલગ બ્રિજ બનાવવા અથવા એક સળંગ બ્રિજ બનાવવો તે દિશામાં શુક્રવારના રોજ મળનારી સ્ટેન્ડિંગ કમિટીમાં ચર્ચા-વિચારણા બાદ અંતિમ નિર્ણય લેવાશે.વડોદરા શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો હલ કરવાના ભાગરૂપે રાજ્ય સરકારના નિયમ પ્રમાણે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સરદાર એસ્ટેટ ચાર રસ્તા તથા વૃંદાવન ચાર રસ્તાના ૨ અલગ-અલગ બ્રિજ બનાવવા અથવા સરદાર એસ્ટેટથી વૃંદાવન ચાર રસ્તા સુધી સળંગ ઓવરબ્રિજ બનાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી મેળવવા મ્યુનિસિપલ કમિશનરે દરખાસ્ત રજૂ કરી છે. વાહનોની વધતી જતી સંખ્યા અને ટ્રાફિકના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૪ અને નગરપાલિકા વિસ્તારમાં ૨૧ મળી કુલ ૭૫ ફ્લાયઓવર બ્રિજ બનાવવાનું આયોજન વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં હાથ ધર્યું હતું. જેના અનુસંધાને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ૬ જંકશન ઉપર ફ્લાયઓવર બ્રિજ બનાવવાની દરખાસ્તને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ તરફથી મંજુરી મળી છે. જે પૈકી અગાઉ સંગમ ચાર રસ્તા, વૃંદાવન ચાર રસ્તા તથા સરદાર એસ્ટેટ ચાર રસ્તા જંકશનને પ્રાથમિકતા આપી હતી.



# દેશના બાળકોને કોવિડ વેક્સિનની ગાઈડલાઈન ટૂંકમાં જાહેર થશે

નવી દિલ્હી,

અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન(એફડીએ)ની વેક્સિન એન્ડ રિલેટેડ બાયોલોજીકલ પ્રોડક્ટ્સ એડવાઈઝરી પેનલે પાંચથી ૧૧ વર્ષના બાળકો માટે ફાઈઝર-બાયોએનટેકની કોવિડ-૧૯ વેક્સિનની ભલામણ કરી છે. નિષ્ણાતોએ આશા વ્યક્ત કરી છે કે નવેમ્બરની શરૂઆતમા નાના બાળકો કોરોના વેક્સિન લગાવવા પાત્ર બનશે.સરકાર નિષ્ણાતોનો પરામર્શ મેળવીને બાળકોને રસી આપવાની શરતો અને પ્રક્રિયા સંબંધી તખતો તૈયાર કરી રહી છે. બાળકને કોવિડ વિરોધી વેક્સિન આપવા માટે બાળકોના તબીબની મંજૂરી આવશ્યક રહેશે. બાળકોને વેક્સિન આપવાની પ્રક્રિયાને ઓપ આપવા માટે સંખ્યાબંધ નિષ્ણાતોનો સંપર્ક સધાઈ રહ્યો છે. નિષ્ણાતોના પરામર્શ આધારે સરકાર ટૂંકસમયમાં ગાઈડલાઈન બહાર પાડશે. સૂત્રોના જણાવ્યા મુજબ બાળકોને રસી આપવા માટેનો રસીકરણ કાર્યક્રમ આવતા મહિનેથી તબક્કાવાર શરૂ થશે.૧૨વર્ષ અને તેથી મોટી ઉંમરના બાળકોના રસીકરણ માટે તબક્કાવાર રસીકરણનો અભિગમ અપનાવવામાં આવશે. ઝાયડસ હેલ્થકેર દ્વારા નિર્મિત બાળકો માટેની વેક્સિન ઝાયકોવ-ડીને ગયા મહિને તાકીદના ઉપયોગ માટે મંજૂરી મળી ચૂકી છે. આ વેક્સિનનું ૧૨ અને તેથી મોટી ઉંમરના બાળકો પર પરીક્ષણ થઈ ચૂક્યું છે. આવનારા સપ્તાહોમાં બાળકો માટેની ઝાયકોવ-ડી વેક્સિન જાહેર રસીકરણ કાર્યક્રમનો ભાગ બની રહેશે.આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, ઝાયકોવ-ડી વેક્સિનની કિંમત અંગે આખરી નિર્ણય લેવાઈ ચૂક્યો છે. વેક્સિનને ડીસીજીઆઈ તરફથી મંજૂરી મળ્યા પછી ઉત્પાદકે ઉત્પાદન પણ શરૂ કરી દીધું છે. સરકારે કંપની સાથે વાટાઘાટો કરીને કિંમત નક્કી કરી છે.




# દેશમાં ખેડૂતોને લગતા આંદોલનોમાં દિવસેને દિવસે વધારો થયો

નવી દિલ્હી,

દેશના ૧૫ રાજ્યોમાંથી ૧૨ રાજ્યોમાં ખેડૂતોના વિરોધમાં વધારો થયો છે. ૧૫ રાજ્યોની વિગતો જાહેર કરી છે પણ ગુજરાતનું નામ જ લખવામાં આવ્યું નથી. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો૧૦ મહિનાથી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સરકાર દ્વારા પસાર કરાયેલા ત્રણ વિવાદાસ્પદ કાયદાઓમાં પ્રથમ ખેડૂત ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) બિલ, ૨૦૨૦, બીજું ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) ભાવ ખાતરી અને કૃષિ સેવાઓ બિલ ૨૦૨૦ પર કરાર અને ત્રીજું બિલ આવશ્યક કોમોડિટીઝ એમેન્ડમેન્ટ છે. સતત ૩ વર્ષના ઘટાડા પછી ૨૦૨૦ માં વિરોધની સંખ્યામાં વધારો થયો છે. ૨૦૧૬-૧૭માં ખેડૂતોના દેખાવોની સંખ્યામાં અગાઉના વર્ષની સરખામણીમાં લગભગ ૩૧ ટકાનો ઘટાડો થયો હતો. ૨૦૧૭-૧૮માં લગભગ ૪૦ ટકા અને ૨૦૧૮-૧૯માં ૨૧.૪ ટકા વધારો થયો છે. ૨૦૨૦માં વિરોધ પ્રદર્શન બિહારમાં ૧,૨૮૬ ઘટનાઓ નોંધાઈ હતી. જે દેશમાં સૌથી વધુ છે. મહારાષ્ટ્રમાં ૧૪૮, કર્ણાટક ૧૪૮, ઉત્તર પ્રદેશ ૧૪૨, ઝારખંડમાં ૮૩ ઘટનાઓ બની હતી. આ અહેવાલ સંપૂર્ણપણે સ્પષ્ટ ચિત્ર રજૂ કરતું નથી જેમાં સુધારાની જરૂર છે ૨૦૨૦ માં, ગુજરાત, આસામ, ગોવા, કેરળ, મણિપુર, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, તેલંગાણા અને પશ્ચિમ બંગાળના ખેડૂતોએ સરકારની નીતિઓ અને નવા કૃષિ કાયદાઓ સામે વિરોધ પ્રદર્શન કર્યા હતા, પરંતુ દ્રઝઈમ્ર રિપોર્ટમાં આ રાજ્યોમાં વિરોધ દર્શાવવામાં આવ્યો નથી.૨૦૨૦માં ખેડૂતોના આંદોલનોમાં ૩૮ ટકાનો વધારો થયો છે. દેશના ૧૨ રાજ્યોમાં ખેડૂતોના વિરોધમાં વધારો થયો છે. જેમાં ઝારખંડમાં ૨૦૧૯ની સરખામણીમાં ૪૧૯% વૃદ્ધિ થઈ છે. કેન્દ્ર સરકાર ૩ કાયદા લાવી છે ત્યારબાદ ખેડૂતો આંદોલન પર બેઠા છે. તેમના આંદોલનને લગભગ ૧ વર્ષનો સમય થવા આવ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલા અહેવાલમાં ૨૦૨૦માં ખેડૂતોના વિરોધની લગભગ ૨,૧૮૮ ઘટનાઓ બની હતી. ૨૦૧૯ માં, આ આંકડો ૧,૫૭૯ હતો. જેનો અર્થ છે કે આ એક વર્ષના સમયગાળામાં વિરોધમાં લગભગ ૩૮ ટકાનો વધારો થયો છે.

# NEET પરીક્ષાનુ પરિણામ બહુ જલ્દી જાહેર થશે : સુપ્રીમ કોર્ટે રોક હટાવી



નવી દિલ્હી,

નીટ પરીક્ષા આપનારા બે વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં અપીલ કરીને કહ્યુ તુ કે, અમને ખોટા સિરિયલ નંબર સાથે પેપર અને આન્સરશીટ આપવામાં આવી હતી. જેના પગલે બોમ્બે હાઈકોર્ટ દ્વારા પરિણામ જાહેર કરવા પર રોક લગાવી હતી. જોકે સુપ્રીમ કોર્ટે હવે આ રોક હટાવી લેવામાં આવી છે.મેડિકલમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષાનુ પરિણામ જાહેર કરવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સુપ્રીમ કોર્ટે લીલી ઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા બે વિદ્યાર્થીઓના મામલે મુંબઈ હાઈકોર્ટે નીટનુ પરિણામ જાહેર કરવા સામે આપેલા સ્ટેને હટાવી લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે, જે બે વિદ્યાર્થીઓને સમસ્યા ઉભી થઈ છે તેમના હિતની રક્ષા પણ થવી જોઈએ. નિરિક્ષકોએ સ્વીકાર્યુ છે કે, આ મામલામાં ભૂલ થઈ છે પણ સાથે સાથે બે વિદ્યાર્થીઓ માટે બાકીના લાખો વિદ્યાર્થીઓનુ પરિણામ રોકી શકાય નહી. સાથે સાથે સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સૂચના આપી હતી કે, જે બે વિદ્યાર્થીઓને સમસ્યા ઉભી થઈ છે તેનો ઉકેલ પણ લાવવામાં આવે.

# સોયાબીનમાં ખેડૂતોને ૯૦૦થી ૧૨૦૦ રૂપિયાના ભાવ મળવાની આશા

અમરેલી,

સૌરાષ્ટ્રના માર્કેટીંગ યાર્ડોમાં હાલ કપાસ અને મગફળીની બમ્પર આવક થઈ રહી છે. તો બીજી તરફ અમરેલી જિલ્લાના સાવરકુંડલા એપીએમસીમાં સોયાબીનની પણ નોંધપાત્ર આવક થઈ રહી છે. ખેડૂતોને ગત વર્ષે સોયાબીનના ૯૦૦ રૂપિયા મળ્યા હતા. આ વર્ષે ૯૦૦ થી ૧૨૦૦ સુધીના ભાવ મળવાની આશા છે. ખેડૂતો કપાસ અને મગફળીનું વાવેતર કરે એટલે ભૂંડ અને નીલગાય નુકસાન ના કરે તેનું ધ્યાન રાખવું પડે છે. જ્યારે સોયાબીન એવો પાક છે કે જેને ભૂંડ અને નીલગાય નુકસાન પહોંચાડતા નથી જેથી ખેડૂતો હવે પરંપરાગત પાકને છોડી સોયાબીનના વાવેતર તરફ વળી રહ્યા છે. કેટલાક ગોઠવણીવાળા પ્રોફેસરોના લીધે આખી ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવતા તમામ કરાર આધારિત પ્રોફેસરો નોકરી વિહોણા થયા છે અને તેના માટે સૌથી વધુ જે દોષિત અને જવાબદાર છે એ જ સિન્ડિકેટ સભ્યો આજે આ મુદે નિર્ણય લેવાના એ બાબત પણ પ્રોફેસરો અને વિદ્યાર્થીઓમાં ચર્ચાસ્પદ બની છે.અમરેલી જિલ્લામાં ખેડૂતો હવે પરંપરાગત કપાસ અને મગફળીની ખેતીની સાથે સોયાબીનની ખેતી કરતા પણ થયા છે. જિલ્લામાં ચાલુ વર્ષે સોયાબીનનું સારી માત્રામાં વાવેતર થતા હાલ સાવરકુંડલા યાર્ડમાં દરરજો ૧૦૦૦ મણ આસપાસ સોયાબીનની આવક થઈ રહી છે. ચાલુ વર્ષે ખેડૂતોને ૯૦૦થી ૧૨૦૦ રૂપિયાના ભાવ મળવાની આશા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના ડુંગરા ગામે અંધશ્રદ્ધા : મહિલા સહિત બે વ્યકિતને મારમારી ધીંગાણું મચાવતા ફરિયાદ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ડુંગરા ગામે અંધશ્રદ્ધાનું ભુત વળગતાં એક મહિલા સહિત બે જણાને ચાર જેટલા ઈસમોએ લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી નાસી જતાં બંન્ને ઈજાગ્રસ્તોને દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે. આ સમગ્ર મામલે આ બનાવના ઉચ્ચ સ્તરીય પડઘા પડતાં આ મામલે દાહોદ જિલ્લા એસ.પી. દ્વારા આરોપી સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે અને આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કરી દેવામાં આવ્યાં છે.

તારીખ ૨૬મી ઓક્ટોમ્બરના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના આસપાસ ડુંગરા ગામે ઉસરા ફળિયામાં રહેતાં પીદીયાભાઈ તથા વેલાબેન પોતાના ઘરે હાજર હતાં. આ દરમ્યાન તેમના ફળિયામાં રહેતાં મુકેશભાઈ છગનભાઈ માવી, રાજેશભાઈ મુકેશભાઈ માવી, સવિતાબેન મુકેશભાઈ માવી અને રાકેશભાઈ છગનભાઈ માવીનાઓએ તેમની પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધમકી ઓપી શાન્તુબેનને કહેવા લાગેલ કે, તમારી માં ડાકડ છે અને અમારા ઘર આગળ મેલી વિદ્યા કેમ મુકી ગયેલ છો, તેમ કહેતાં પીદીયાભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાયાં હતાં અને પોતાની સાથે લાવેલ લાકડી વડે પીદીયાભાઈને માથાના ભાગે મારી માથુ લોહીલુહાણ કરી નાંખ્યું હતું ત્યાર બાદ પીદીયાભાઈને વચ્ચે છોડવવા પડેલ વેલાબેનને પણ ઉપરોક્ત ચારેય જણાએ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. ઘટનાને પગલે પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો અને આ અંગેની જાણ પોલીસને કરાતાં પોલીસ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસને જોઈ ઉપરોક્ત ચારેય જણા નાસી જવામાં સફળ રહ્યાં હતા. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત પીદીયાભાઈને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે દાહોદની સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે શાન્તુબેન પીદીભાઈ માવીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# દાહોદના લીમડી અર્બન બેન્કના નવા ડિરેક્ટર નરેન્દ્ર સોનીએ મળવા પાત્ર તમામ ભથ્થા ન સ્વીકારવા જાહેરાત કરી



દાહોદ,

લીમડી અર્બન કો-ઓપરેટીવ બેન્કની હાલમાં જ ચુંટણી થઇ હતી.જેમાં નરેન્દ્ર સોની દિરેક્ટર પદે બીનહરીફ ચુંટાઇ આવ્યા છે.તેમણે આજે બેન્કના મેનેજરને એક પત્ર સુપ્રત કરી પોતાને ડિરેક્ટર તરીકે મળતા તમામ લાભ જતા કરવાની જાણ કરી દીધી છે.આમ સહકારી ક્ષેત્રમા તેઓએ નવો ચીલો ચિતર્યા છે.કારણ કે ઘણી વાર સહકારી ક્ષેત્રમાં આવા લાભ અને મોભા મેળવવા માટે જ હોડ જામતી હોય છે ત્યારે આ નવતર અભિગમ્ખત્યાર કરી નવો દિશા નિર્દેશ તેમણે કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાંધણ ગેસની સબસીડી છેડી દેવા માટે સંપન્ન ગ્રાહકોને અપીલ કરી હતી. આ અપીલને કરોડો ગ્રાહકોએ સ્વીકારી લીધી હતી અને પેતો સાધન સંપન્ન હોવાથી રાંધણગેસની પુરી રકમ ચુકવી રહ્યા છે.તેઓને જે સબસીડીની રકમ મળવા પાત્ર હતી તેમાંથી કેન્દ્ર સરકારે એક ઉજ્વલા નામની એક યોજના મૂર્તિમંત કરી છે. આ યોજનામાં અતિગરીબ મહિલા ગ્રાહકોને નિઃશુલ્ક ગેસ જોડાણ આપવામાં આવે છે. હાલ આ યોજનામાં ૯ કરોડ ગ્રાહકો હોવાનુ જણાવાયુ છે. ત્યારે આવી ગરીબ મહિલાઓને ધુમાડિયા ચુલામાંથી છુટકારો મળ્યો છે. આમ, પોતાને મળતુ જતુ કરવાથી કોઇકને તેનો લાભ અવશ્ય થાય છે.ત્યારે તમામ નેતાઓને પણ ચુંટાયા બાદ ઘણાં લાભ અને વેતન મળતા હોય છે. ત્યારે કેટલાક નેતોઓ આવા લાભ લેતા નથી તો કેટલાક ટોકન વેતન જ સ્વીકારે છે. બીજી તરફ હોદ્દાની રૂએ આવા લાભ મેળવવા માટે ઘણાં નેતાઓ અધીરીયા બનતા હોય છે.ત્યારે સહકારી ક્ષેત્રમાં પણ ચુંટાયેલા હોદ્દેદારોને વૈભવી સુવિધાઓ પણ મળતી હોય છે જે તેમની સહકારી સંસ્થાના આર્થિક વિકાસ પર આધારિત હોય ત્યારે લીમડી અર્બન કૌઓપરેટીવ બેન્કમાં ડિરેક્ટર પદે બિન હરીફ ચુંટાયેલા નરેન્દ્રભાઈ સોનીએ પણ જતુ કરવાની ભાવના સાથે આજે અક પત્ર બેન્કના મેનેજરને સુપ્રત કર્યો છે. તેમાં જણાવ્યુ છે કે, તેઓ તેમને મળતા તમામ ભથ્થા સ્વીકારશે નહી તે સીટીંગ એલાઉન્સ હોય અથવા તો અન્ય કોઇ પણ પ્રકારના તેમને મળવા પાત્ર નાંણા તેમના ખાતામાં જમા કરાવવા નહી.આ નાંણાનો ઉપયોગ તેમણે સભાસદોના હિતમાં કરવા વિનંતી કરી સહકારી ક્ષેત્રે દાખલા રૂપ પહેલ કરી છે.

# બલૈયા ખાતે નિવૃત્ત શિક્ષકોનો સન્માન શૈક્ષણિક અધિવેશન અને રક્તદાન શિબિરના કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારંભ શૈક્ષણિક અધિવેશન અને રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું જેમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીડોર ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલા સહિત રાજ્ય ઘટક સંઘના હોદ્દેદારો જિલ્લા તાલુકા ના હોદ્દેદારો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા ૧૫૦ જેટલી બોટલ રક્તદાન કરાયું હતું.

ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે ગુરૂવારના રોજ તાલુકા શિક્ષક સંઘ અને ટીચર સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિર નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારંભ અને શૈક્ષણિક અધિવેશન નો કાર્યક્રમ નું આયોજન કરાયું હતું જેમાં રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના મંત્રી કુબેરભાઈ ડીડોર ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા જિલ્લા પંચાયત દાહોદ ના પ્રમુખ શીતલકુમારી વાઘેલા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોર રાજ્ય ઘટક ના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા મહામંત્રી સતીશ પટેલ સહિત જિલ્લા અને તાલુકા સંઘના હોદ્દેદારો ટીચર સોસાયટીના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ૧૩૦ જેટલા નિવૃત શિક્ષકોનું મંચસ્થ મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમાં જ રક્તદાન શિબિરમાં ૧૫૦ જેટલા રક્ત દાતાઓએ રક્તદાન કર્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા જણાવ્યું કે શિક્ષકોના તમામ પ્રકારના પ્રશ્નો અમે નિરાકરણ લાવી શુ અમે સરકારમાં જાણ કરીશું વહેલી તકે સમસ્યાનો હલ થાય તેના માટે અમો કટીબદ્ધ છીએ તમામ શિક્ષકો મારા ગુરૂજનો છે અને ગુરૂજનોના આશીર્વાદ મને અને અમારી સરકાર અમારા વડાપ્રધાનને મળતા રહે એવા આશીર્વાદ આપજો શિક્ષકો મારૂં હૃદય છે મારૂં મગજ છે. તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલ કુમારી વાઘેલાએ પણ જણાવ્યું કે, જેમાંનુ સ્તર ધરાવે તેને માસ્તર કહેવાય અને અને વૃદ્ધ શિક્ષકો નિવૃત નથી થયા તેમનો નવો જન્મ થયો છે અને તેઓ સમાજ માટે અને પોતાના પરિવાર માટે સેવાકીય પ્રવૃતિઓ કરે તેવી શુભેચ્છા આપી હતી શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર એ પણ શિક્ષકોના સળગતા પ્રશ્નો નિવૃત્ત શિક્ષકોના પ્રશ્નો વહેલી તકે હલ કરવા માટે બાંહેધરી આપી હતી અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

# દાહોદમાં BTP દ્વારા પોલીસ વિભાગને ગ્રેડ પેની સુવિધાની માંગ સાથે આવેદન આપ્યું



દાહોદ,

ગુજરાત પોલીસ વિભાગને ગ્રેડ પે અને અન્ય સુવિધાઓનો લાભ આપવા માટે ભારતીય ટ્રાયબલ પાર્ટી, દાહોદ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને સંબોધતું એક આવેદનપત્ર દાહોદ જિલ્લા કલેક્ટર કચેરીએ સુપ્રત કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ગુજરાત રાજ્યના પોલીસ કર્મચારીઓના ગ્રેડ પે ઓછા છે તે ગ્રેડ પે સહિત ભથ્થામાં તાત્કાલિક વધારો કરવામાં આવે, ચોમાસા, શિયાળા અને ઉનાળામાં ઋતુ પ્રમાણે સુરક્ષાના પર્યાપ્ત સાધનો ફાળવવામાં આવે, પોલીસને પણ યુનિયન, સંગઠનો બનાવવા અધિકારી આપવામાં આવે, પોલીસ કર્મચારીઓને સરકારી વાહનોની સુવિધાઓ આપવામાં આવે, તેઓના ભથ્થા સિધા તેઓના ખાતામાં જમા કરવામાં આવે, પોલીસ કર્મચારીઓના સસ્પેનેશનશનનો સમયગાળો નિશ્ચિત કરવામાં આવે, ફિક્સ પગાર નાબુદ કરવામાં આવે, સાતમા પગાર પંચ મુજબ તમામ કર્મચારીઓના પગાર તાત્કાલિક ચુકવણું કરવામાં આવે, પોલીસ કર્મચારીઓના બાળકોને ભણતરનો ખર્ચ, પોલીસ કર્મચારીઓને હેલ્થ મેડીકલ આપવામાં આવે જેવી વિવિધ અનેક માંગણી સાથે ભારતીય ટ્રાયબલ પાર્ટી, દાહોદ દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

# ધાનપુરના કાકડખીલા ગામની મહિલા અને પતિને મારી નાખવા ધમકી આપી ઈસમે દુષ્કર્મ કરતાં ફરિયાદ

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાકડખીલા ગામે એક ઈસમે એક પરણિતાને ધાકધમકી આપી તેને અને તેના પતિને મારી નાંખવાની ધમકી આપી પરણિતા ઉપર અવાર નવાર બળાત્કાર ગુજારતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ધાનપુર તાલુકાના કાકડખીલા ગામે હનુમાન મંદિર ફળિયામાં રહેતો બાબુભાઈ ભારતાભાઈ પરમારે ગત તા. ૨૧.૧૦.૨૦૨૧ના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક ૨૮ વર્ષીય પરણિતાને અલગ અલગ સમયે અલગ સ્થળોએ લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો અને પરણિતાને તેને અને તેના પતિને મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પરણિતા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના સાલીયા ગામે પોલીસની બોલેરો ગાડી પલ્ટી જતાં ચાર પોલીસ કર્મીને ઈજાઓ

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાલીયા ગામે એક બોલેરો ગાડીમાં સવાર પોલીસ કર્મચારીઓની ગાડીને ડ્રાઈવરે પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી બોલેરો ગાડી પલ્ટી ખવડાવી દેતાં અંદર સવાર ચાર જેટલા પોલીસ કર્મચારીઓને શરીરે ઈજાઓ પહોંચતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૨૭મી ઓક્ટોમ્બરના રોજ એક બોલેરો ગાડીમાં બેસી સાલીયા ગામેથી પસાર થઈ રહેલા એ.એસ.આઈ. રમેશભાઈ ભગવાનદાસ રાણા, એ.એસ.આઈ. હેમલતાબેન પી.પરમાર, પોલીસ કોન્સ્ટેબલ શશીકાન્તભાઈ એચ.બાવીસકેર તથા પોલીસ કોન્સ્ટેબલ મીતેષભાઈ ડી. ભુવીરનાઓની ગાડીના ચાલક મુકેશભાઈ નદુભાઈ રાઠવા (રહે.વડોદરા) એ પોતાના કબજાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઈ ગાડી ડિવાઈડર સાથે અથડાવી પલ્ટી ખવડાવી દેતાં અંદર સવાર ઉપરોક્ત પોલીસ કર્મચારીઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ઠક્કરબાપા પ્રા.શાળા ખાતે મેગા મેડિકલ કેમ્પ માં ૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો



દાહોદ,

ધ ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ એફ.૧ રિજિયન ૮ ઝોન ૨ માં આવતી લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી, એબિલિટી અને દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળના સંયુકત ઉપક્રમે તેમજ ધીરજ હોસ્પિટલ વાઘોડિયાના સહયોગ દ્વારા તારીખ ૨૪/૧૦/૨૦૨૧ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ઠક્કરબાપા પ્રાથમિક શાળા દાહોદ ખાતે નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પના ઉદ્દઘાટક દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, મુખ્ય મહેમાન દાહોદ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર.પટેલ તેમજ અતિથિ વિશેષ ડો.નિરંજનભાઇ શાહ, ડો.યુસુફીભાઈ કાપડિયા અને લા.શ્યામભાઈ શાહ ની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો.

સમગ્ર કેમ્પનું આયોજન રીજીયન ચેરમેન લા. કમલેશભાઈ લીમ્બાચીયા દ્વારા કરવામાં આવ્યું. સ્વાગત પ્રવચન પ્રમુખ લા. અર્પિલભાઈ શાહ દ્વારા, આભાર વિધિ સુરેશભાઈ પંચાલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઠક્કરબાપા પ્રાથમિક શાળાના આચાર્ય દેવેન્દ્રભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝોન ચેરમેન લા. મીનેશભાઈ પટેલ, લા. રસીદાબેન પીટોલવાલા, લા. સૈફીભાઈ પીટોલવાલા, લા. તુલસીબેન શાહ, લા. રાધેશ્યામ શર્મા, લા. રાજકુમારભાઈ સહેતાઈ, લા. ભવિનભાઈ ઉમરાણીયા, લા. સુરેશભાઈ ભૂરા, લા. સંજયભાઈ પ્રજાપતિ તેમજ મોટી સંખ્યામાં પંચાલ સમાજના આગેવાનો તથા લાયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ૫૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દિવાળીના ગણતરીના દિવસ રહ્યા છે. ત્યારે દાહોદ શહેર બજારો સુમસાન જોવા મળી રહ્યા છે. આમ, તો દિવાળીના દિવસ પહેલા તે ઘરની સાફ સફાઈ કરવાનું કામ ચાલતું હોય છે, પણ દિવાળી આવતાની સાથે જ મહિલાઓ દિવાળી દિવસે મા લક્ષ્મી માતાને બોલાવવા માટે ઘર આંગણે રંગોળી અને દિપક પટાવી રંગબેરંગી લાઈટો સજાવી મહાલક્ષ્મી બોલાવતા માટે ઘર આંગણે ઘર સજાવતા દાહોદ શહેરના માર્ગો પર દિપડાએક લારી પર મહિલાઓ દિપક ખરીદી કરતા નજર પડે છે.

# સંજેલીની મોબાઈલ દુકાનમાં તસ્કરો દ્વારા ૧૮ મોબાઈલ ૯૬ હજારની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં આવેલ એક મોબાઈલની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી ૧૮ મોબાઈલ ફોન કિંમત રૂા.૯૬,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

સંજેલી નગરમાં ડીસ્લેરી ફળિયામાં રહેતાં સદ્દામ હુસેન સલીમભાઈ મોડાસીયાની સંજેલી નગરના સંતરામપુર રોડ ખાતે આવેલ મોબાઈલની દુકાનમાં ગત તા.૨૫મી ઓક્ટોમ્બરના રોજ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોબાઈલની દુકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને દુકાનમાંથી મોબાઈલ નંગ.૧૯ કિંમત રૂા. ૯૬,૦૦૦ના મોબાઈલ ફોન ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સદ્દામ હુસેન સલીમભાઈ મોડાસીયાએ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદનાં ઉસરવાણ ગામે થી વ્યક્તિની લાશ મળી આવી

દાહોદ,

દાહોદનાં ઉસરવાણ ગામે કેપલ કોમ્પલેક્ષ સામે ગત તા. ૧૯ ઓક્ટોબરના રોજ એક અજાણ્યા વ્યક્તિની લાશ મળી આવી હતી. આ અજાણ્યા વ્યક્તિની ઉંમર આશરે પર વર્ષ, નામઠામની જાણ નથી, શરીરે પાતળા બાંધાનો, રંગે ઘઉંવર્ણો, માથાના વાળ સફેદ-કાળા છે. શરીરે સફેદ રંગની કાળી પટ્ટીવાળી ટી શર્ટ, આછા ભૂરા રંગનું પેન્ટ પહેર્યું છે. તેમજ જમણા હાથ ઉપર અંગ્રેજીમાં Rajas અને દિલ કોતરાવેલું છે. આ મૃત પામનાર વ્યક્તિના વાલી વારસ કે પરિચિત વ્યક્તિએ દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૬૭૩-૨૪૪૯૦૦ અને મોબાઈલ નંબર ૮૧૪૧૮૨૯૯૦૮ ઉપર સંપર્ક કરવો. આ મૃત વ્યક્તિના શરીરનું પોસ્ટ મોટમ કર્યા બાદ જનરલ હોસ્પીટલ ગોધરા ખાતેના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યું છે.

# દાહોદ તાલુકાના ખરેડી, વડલી ખાતે દેશમાં ૧૦૦ કરોડ લોકોની કોવિડ રસીકરણનો કાર્યક્રમ યોજાયો

દાહોદ,

ભારત દેશમાં ૧૦૦ કરોડ લોકોનું કોવિડ રસીકરણ થયું, આ ઐતિહાસિક સિદ્ધિ માટે આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી તથા દેશમા આરોગ્યકર્મીઓનો આભાર માનવા ભાજપા યુવા મોરચા દાહોદ તાલુકા દ્વારા ઠક્કરબાપા માધ્યમિક શાળા, ખરેડી, વડલી ખાતે માનવ સાંકળ કરીની આકૃતિ બનાવવામાં આવી. જેમાં દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના (ખચ્ચર) વિજયભાઈ પરમાર, નીલકંઠભાઈ ઠક્કર, નરેશભાઈ ચૌહાણ, હસમુખભાઈ ભરવાડ, સતિષભાઈ ભુરિયા, રાજેન્દ્રભાઈ ચૌહાણ, સુનિલભાઈ ભાભોર ,જીગરભાઈ ભુરિયા, રમણભાઈ બબેરિયા, ભાનુપ્રસાદ ચૌહાણ, આઝાદભાઈ બારીયા, દિલીપભાઈ ભાભોર, અનિલભાઈ ભુરિયા, શાળાનો સ્ટાફ, બાળકો અને ભાજપના કાર્યકર્તાઓ, આગેવાનો, મોરચાના સૌ કાર્યકર્તાઓને ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં રંગોળીના રંગોની જામી જમાવટ



દાહોદ,

દિવાળી હવે ટુંકડી છે. ત્યારે દાહોદના બજારોમાં રંગોળીના રંગો આકર્ષણ જમાવે છે. શાંતિસદન સોસાયટીના ચિરાગકુમાર કનૈયાલાલ પંચાયત જણાવે છે કે, હર્ષ, ઉલ્લા અને આનંદનું પ્રતિક એટલે રંગોળી, દિવાળીમાં ઘરને ફુલ અને રંગોથી સજાવવાનો રીવાજ છે. દિવાળીમાં વિશેષરૂપે ઘર આંગણે નાની-મોટી આકર્ષક રંગોળી જોવા મળે છે. રંગોળી એ તો સાંસ્કૃતિક, ઉત્સાહ, આનંદ અને આસ્થાનું પ્રતિક છે. સાથે સાથે અધ્યાત્મ સાથે પણ જોડવામાં આવ્યું છે. હવન અને યજ્ઞો કરતી વખતે ખાસ રંગોળી બનાવવામાં આવે છે. રંગોળીના વિવિધ સુંદર રંગો ઘરની શોભા વધારે છે. સાથેસાથ જોનારાના મનને પણ પ્રફુલ્લિત કરે છે. આપણે ત્યાં વર્ષોથી તહેવાર, વ્રત, પૂજા, ઉત્સવ, લગ્ન વગેરે શુભ અવસરો પણ સુકા અને પ્રાકૃતિક રંગોથી રંગોળી બનાવવામાં આવે છે. આજે રંગોળી બનાવવાનો હેતુ ઘરની સજાવટ અને સુમંગળ છે. આપણે ત્યાં પ્રવેશદ્વારે માઁ લક્ષ્મીનો વાસ માનવમાં આવે છે. માઁ લક્ષ્મીને સ્વચ્છતા, સુંદરતા અતિપ્રિય છે. તેથી રંગોળી કરીને લક્ષ્મીજીને આવકાર આપવામાં આવે છે. એવું માનવમાં આવે છેકે, રાવણના વધ પછી જ્યારે ભગવાન રામ સીતા માતા સાથે ૧૪ વર્ષનો વનવાસ વિતાવ્યા બાદ અયોધ્યા પરત ફર્યા ત્યારે અયોધ્યાના નગરવાસીઓએ ઘરની આગળ સ્વચ્છ રંગો તથા ફુલોથી રંગોળી બનાવી હતી અને ઘરને દિવાથી સજાવ્યા હતા.

# દે.બારીયા શહેરી વિસ્તારનો સાતમાં તબકકાના સેવા સેતુનો લાભ લેવા માટે અનુરોધ

દે.બારીયા,

ગુજરાત સરકારશ્રીની સુચના અનુસાર નગર પાલિકા શહેરીકક્ષાનો સાતમાં તબકકાનો સેવા સેતુનો કાર્યક્રમ તા.૩૦/૧૦/૨૦૨૧ને શનિવારના રોજ સમય સવારના ૯.૦૦ કલાકે થી ૫.૦૦ કલાક દરમિયાન દે.બારીયા નગર પાલિકા કચેરી ખાતે એક ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ નગર પાલિકા શહેરીજનોને આવકના પ્રમાણપત્ર તથા જાતિના પ્રમાણપત્ર અને રેશનકાર્ડના કાર્યો નામ કમી અને નામ દાખલ કરવા તથા આધારકાર્ડ, માં વાત્સલ્ય કાર્ડ આવા અને લાભ થઈ કાર્યો કરવા માટે ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ સરકારે જનતાની સેવા કરવા માટે સેવા સેતુના નામે અનેક કાર્યક્રમો અવારનવાર રાખવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઓનલાઈનની પણ સેવા પૂરી પાડવામાં આવતી હોય છે. જેથી લાભાર્થીઓને એક જ સ્થળે અનેક કાર્યો થતા હોય છે. હવે એ જોવાનું છે કે, આપણને કેટલી સેવા સેતુઓનું લાભ સરકારી બાબુઓ પુરી પાડશે આતો આવનારો સમય કહેશે. અગાઉના સેવા સેતુમાં આવક તથા જાતિના પ્રમાણપત્ર એક દિવસના સમયમા મળેલ નથી. આમ જનતામાં ગણગણાટ હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.58

# પંચમહાલમાં રેતી માફિયાઓ માટે રેતી ચોરી બની સામાન્ય

## જીલ્લામાં વ્યાપક પ્રમાણમાં માટી અને રેતી ચોરીની ઉઠેલી ફરિયાદો તંત્રની મીલીભગતમાં ચાલી રહેલો કાળો કારોબાર ....

## પંચમહાલ જીલ્લામાં ખનિજ માફિયાઓ બેફામ : જવાબદાર તંત્ર કાર્યવાહી કરશે ??

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ખનિજ ચોરી એ એક સામાન્ય બાબત બની ચુકી છે. ખનિજ માફિયાઓ બેફામ બની ખનિજ ચોરી કરતા રહે છે. ત્યારે સંભવિત તંત્ર મૂક પ્રેક્ષક બનીને જોતું રહે છે. ત્યારે ખનિજ માફિયાઓ તંત્રના આંખ મીંચા મનાનો લાભ ઉઠાવી રહ્યા છે. જીલ્લામાં છેલ્લા કેટલાક સમય થી વ્યાપક પ્રમાણમાં સમગ્ર જીલ્લામાં ઠેરઠેર માટી અને રેતી ચોરી થઈ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જે બાબતે ગ્રામજનો દ્વારા તેમજ જે તે પંચાયતો દ્વારા વારંવાર તંત્રના જવાબદારોને ફરિયાદો કરી હોવા છતાં આવા તત્વો સામે કોઈપણ જાતના નક્કર પગલાં નથી લેવાતા.



પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર પંચમહાલ જીલ્લામાં વિવિધ તાલુકાક્ષેત્રે આવેલ નદી પટના ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે. આવા તત્વો દ્વારા સરકારને રોયલ્ટીના નામનો કરોડોનો ચુનો ચોપડવામાં આવી રહ્યો છે. જે જંગી આવક સરકારની તિજોરીમાં જમા થવી ગ્રામજનોના આંખમાં આવી ગયા છો માટે એક બે દિવસ કામકાજ બંધ રાખવાની સુચનાઓ અપાતા એક કાંકરે બે પક્ષી જેવો શિકાર અધિકારીઓ દ્વારા સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. નદીના કિનારે આવેલ ગામના ગ્રામજનો જણાવી રહ્યા છે કે , આ સમગ્ર બાબતે તંત્રના

### તંત્રની બલીહારી : ગરીબ ખેડુતોની જમીન પાણીમાં જવાની દહેશત

વિસ્તારો જેમ કે, ગોમા નદી, પાનમ નદી તેમજ અંતરીયાળ વિસ્તારોમાં આવેલ નદી નાળાઓમાંથી રેતી ચોરો દ્વારા બેફામ રીતે રેતી ખનન વ્યાપક પ્રમાણમાં થઈ રહી છે. જે બાબતે ગ્રામજનો દ્વારા વારંવાર તંત્રને જાણ કરાતી હોવા છતાં ફક્ત પગલાં લેવાની હૈયાધારણ આપવામાં આવે છે. પરંતુ તે દિશામાં તંત્રના અમુક અધિકારીઓના મેળાપીપણામાં આ કાળો કારોબાર ધમધમતો હોવાનું અને કોઈપણ જાતના રોકટોક વગર ચાલતો હોવાનું જોઈએ તેના બદલે ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા પોતાના ખિસ્સા ભરાઈ રહ્યા છે. જ્યારે પણ કોઈ જાગૃત નાગરિક દ્વારા આવી ગેરકાયદેસરની ખનન અંગેની ફરિયાદ તંત્રના જવાબદાર અધિકારીઓને કરવામાં આવે ત્યારે તેઓ દ્વારા તાત્કાલીક પગલાં લેવાની મજબુત હૈયાધારણ આપવામાં આવે છે. પરંતુ આવા તત્વો જે તે અધિકારીઓ માટે દુધ આપતી ગાય સમાન હોવાથી ઉલટું તેઓને દંડવાને બદલે તમે લોકો કરવામાં આવતું હોવાનું ફરિયાદીઓ જણાવી રહ્યા છે. સમગ્ર ઘટનામાં ગ્રામજનોને લાગે છે કે, બધુ બંધ થઈ ગયું અને પગલાં નહીં ભરાયા હોવાથી ઉચ્ચકક્ષાએ ફરિયાદ થાય તો દુધ આપતી ગાયનું દુધ બંધ ન થઈ જાય એ રીતે અને જે તે રેતી માફિયાઓ દ્વારા મળતી મસમોટી રકમ અવિરત પ્રમાણે મળ્યા કરે તે બાબતે પણ સચવાઈ રહે જેવો ખેલ સમગ્ર પંચમહાલ જીલ્લામાં અમુક જવાબદાર અધિકારીઓ અને રેતી માફિયાઓ દ્વારા જવાબદાર વિભાગના અધિકારીઓને વારંવાર ફરિયાદો કરતાં જેના દ્વારા તેઓને પેકેજ ન પહોંચતું હોય તેવા લોકોના વાહનો તથા ખનન અંગેના સાધનો પકડીને પોતાની બહાદુરની ઢોલ તંત્ર દ્વારા પિટવામાં આવતા હોય છે . આમા આ માફિયાઓ તંત્રના છુપા આર્શિવાદ થી એટલા તો ફાટીને ધુમાડે ચડી ગયા છે કે, તેઓ જે તે વિસ્તારમાં માટી અને રેતી ખનન કરતાં હોય અને કોઈ જાગૃત નાગરિક તેઓના આ કાળા કાળોબારમાં અડચણરૂપ થાય તો તેને હાથ ટાંટીયા તોડીને ઢોર મારમારવાની ધમકીઓ પણ આપવામાં આવતી હોય છે અને તાકિદ કરાય છે કે, તારા થી થાય તે કરી લે.

અમારૂં કંઈ પણ કશુ કોઈ બગાડી શકે તેમ નથી. કારણ કે અમો દરેકને કીડીને કણ અને હાથીને મણનું પડીકું પહોંચાડીએ છીએ. જીલ્લામાં વધતી રેતી ચોરી અને માટી ચોરી બાબતે સમગ્ર પંચમહાલ જીલ્લામાં જો ડાયરેકટ ગાંધીનગર થી ભૂસ્તર વીજીલન્સ દ્વારા અચાનક અને ઉપરાછાપરી દરોડો પાડવામાં આવે તો કેટલાય કરોડોના ગેરકાયદેસર રેતી અને માટી ખનનનો ખેલ ખુલ્લો પડે તેમ છે અને કેટલાય જવાબદાર સરકારી બાબુઓ ઘર ભેગા થાય તેમ છે. આ બાબતે પંચમહાલ જીલ્લાની પ્રજા હવે મીટ માંડીને બેઠી છે કે, આ સમગ્ર પ્રકરણમાં નિષ્પક્ષ રીતે તલસ્પર્શી તપાસ થાય અને જવાબદારો સામે કડક રીતે યોગ્ય પગલાં લેવાય કે જેથી ભવિષ્યમાં કોઈપણ રીતે ખનિજ ખનન કરતાં સો વાર વિચાર કરે.



### ધકધકતા સવાલો....

૧. કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી રેતી કાઢવા માટે લીઝ મંજુર કરી ન હોવા છતાં ગોમા નદી માંથી રોજની હજારો મેટ્રીક ટન રેતી કોના આર્શીવાદ થી કાઢવામાં આવે છે ?

૨. વેજલપુરને અડીને આવેલા ગામો સુરેલી, ધુસર, મુવાડી જેવા ગામોની હદ વિસ્તારમાં જે રેતી સ્ટોરેજ કરવામાં આવે છે. તે રેતી કયા નદીના પટ માંથી અને કયા રોયલ્ટી પાસ હેઠળ કાઢવામાં આવી રહી છે...?

૩. ગોમા નદી પર લીઝ આપવામાં આવેલ નથી તો રેતી સ્ટોરેજોમાં જે રેતી સ્ટોરેજ કરવામાં આવે છે. તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની નિષ્પક્ષ તપાસ થશે ખરી... ?

૪. વેજલપુરને અડીને આવેલ ગામડાઓમાં જે રેતી ગેરકાયદેસર સ્ટોરેજો ઉભા કરવામાં આવ્યા છે. તે જમીનોનું NA કરવામાં આવેલ છે...?

૫. ગેરકાયદેસર રીતે રેતી ભરીને અવરજવર કરતા ઓવરલોડ વાહનોની તપાસ કેમ કરવામાં આવતી નથી...?

૬. ખાણ-ખનિજની ટીમ ઓફિસ થી નિકળે એ પૂર્વે રેતી માફિયાઓને માહિતી કોણ પૂરી પાડે છે ?

### કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી રેતી અને રોયલ્ટીની બેફામ થતી ખનિજ ચોરી

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં ખનિજ ચોરોએ હવે હદ વટાવી નાખી છે. બેફામ અને બિન્દાસ થતી રેતી ચોરોએ બેફામ અને બેલગામ રેતીની ચોરી કરી રહ્યા છે. જેના સામે આજુબાજુના ગ્રામજનો દ્વારા અનેકવાર સંબંધિત તંત્ર તેમજ પ્રશાસનને લેખિતોમાં તેમજ ફોટા વિડીયો સાથે રજુઆતો કરી છે. તેમ છતાં અત્યાર સુધી આ રેતી માફિયાઓ સામે કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવેલ નથી. જેથી લાગી રહ્યું છે કે, કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી રેતી માફિયાઓ માટે દુધઆપતી ગાય જેમ બની ગઈ છે. જેના વિરોધમાં ગોમા નદીના તટ વિસ્તારમાં આવેલ ગામોના ગ્રામજનો એ રેતી માફિયાઓ સામે વારંવાર રજુઆતો કરી છે. પરંતુ અત્યાર સુધી આ રેતી માફિયાઓને રોકવા કે ડામવા માટે કોઈ અધિકારીએ પગલાં લીધા નથી. જેના લીધે આવા ગામોના આવેલ ગ્રામજનોની જમીનો નદીમાં જતી રહેવાની ફરિયાદો ઉઠવા પામી છે. કાલોલ તાલુકાના ગામડાઓના રસ્તાઓ ઉપર દિવસ દરમ્યાન ડમ્પરો તેમજ ટ્રેકટરોમાં ખુલ્લેઆમ રેતી ભરીને અવરજવાર કરતા વાહનો થી રસ્તાઓને પણ ભારે નુકશાન પહોંચતું હોય છે. તેમજ આવતા જતાં ગ્રામજનોને ભારે મુશ્કેલી પડતી હોય છે. પરંતુ સંબંધિત અધિકારીઓને આ વાહનો દેખાતા નથી કે દેખવા માંગતા નથી તે સમજાતું નથી.

વેજલપુર પંથકમાં અનેક રેતી સ્ટોરેજ આવેલા છે. આવા સ્ટોરેજમાં રેતી કયાંથી આવી રહી છે. તેની માહિતી નથી પરંતુ આ સ્ટોરેજમાં એકઠી થતી રેતીને બેગ પેકીંગ કરીને ટ્રાન્સપોટ મારફતે અન્ય સ્થળો એ મોકલીને ત્યાંથી વિદેશમાં એકસપોર્ટ કરવામાં આવતી હોય તેવા અહેવાલ મળી રહ્યા છે. જો વેજલપુર પંથકમાં આવેલ રેતી સ્ટોરેજમાં રેતી એકઠી કરીને ગેરકાયદેસર કોઈ નીતિ નિયમોનું પાલન થયા વગર બારોબાર રેતીનો ધિકકતો ધંધો કરીને આવા રેતી સ્ટોરેજ માલિકો લાખો રૂપીયા કમાઈ રહ્યા છે. તેની સામે સરકારી તિજોરીને આવી રેતી (ખનિજ)ની આવક નહિ મળતા લાખો રૂપીયાનું નુકશાન થઈ રહ્યું છે. રેતી સ્ટોરેજ આવેલ છે ત્યાં માત્ર ગોમા નદી આવેલ છે. આ ગોમા નદી માંથી રેતી ખનન માટે કાયદેસર લીઝ ફાળવવામાં આવી નથી. તેમ છતાં આ વિસ્તારમાં રેતીના સ્ટોરેજ તે અનેક શંકા ઉપજાવી રહ્યા છે.

## ગોધરા ખાતે આઝાદી વિષયક અને ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

ગોધરા,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર પંચમહાલ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે હેઠળ આજે સરકારી જિલ્લા પુસ્તકાલય, ગોધરા ખાતે આઝાદી વિષયક અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુસ્તકોનું અનોખું પ્રદર્શન યોજાયું હતું. જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે પુસ્તકાલયો માત્ર પુસ્તકોનો નહીં પણ પુસ્તકોમાં ધરબાયેલા જ્ઞાનનો સંગ્રહ છે. વ્યક્તિએ સતત નવું શીખવા માટે અને વિકસતા રહેવા માટે નવા વિચારો, નવા દ્રષ્ટિકોણો અને નવી કલ્પનાઓ વિશે જાણતા રહી પોતાના જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરવી પડે છે અને પુસ્તકો તેમ કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. વ્યક્તિત્વ વિકાસ માટે વાચન અને પુસ્તકોના મહત્વ પર ભાર મૂકતા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે



વાચન પ્રવૃતિને પ્રોત્સાહન આપવા અને પુસ્તકાલયોમાં ઉત્તરોત્તર વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જિલ્લા વહીવટીતંત્ર પ્રયાસશીલ છે. વાચકોની સુવિધા માટે ગોધરા ખાતેના પુસ્તકાલયનાં વિસ્તૃતીકરણ અંગે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. એક સારૂ પુસ્તક વ્યક્તિનું જીવન બદલી નાંખવા સક્ષમ છે ત્યારે જિલ્લા સરકારી પુસ્તકાલય દ્વારા આઝાદી વિષયક અને ગુજરાતના પનોતા પુત્ર એવા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોનાં પ્રદર્શનને અતિ સુંદર પહેલ ગણાવતા જિલ્લા સમાહર્તાએ આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આઝાદીના લડવૈયાઓ અને તેમનાં સંઘર્ષ વિશે, લડતનાં વિવિધ પાસાઓ અને મહત્વપૂર્ણ બનાવો વિશે પ્રદર્શિત પુસ્તકોનાં માધ્યમથી સામાન્યજનો વધુ ઉંડાણથી જાણશે અને નાગરિકોમાં દેશપ્રેમના વિચારો વધુ દ્રઢ થશે તેમ ઉમેર્યું હતું. ગોધરા નગરપાલિકા પ્રમુખ સંજયભાઈ સોનીએ પ્રાસંગિક પ્રવચન કરતા લાઈબ્રેરીના સભ્યો અને વાચકોને શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા કલેક્ટરએ મહાનુભાવો સાથે પ્રદર્શનની મુલાકાત લઈને પ્રદર્શિત પુસ્તકો રસપૂર્વક નિહાળ્યા હતા તેમજ ગ્રંથાલયના અધિકારીઓ સાથે વાચન પ્રવૃતિઓને વેગ મળે તેવી પ્રવૃતિઓ અંગે ચર્ચા-વિમર્શ કર્યો હતો. આ પ્રસંગે મદદનીશ ગ્રંથાલય નિયામક જે.કે. ચૌધરી, ગ્રંથપાલ વિદ્યાબેન ભમાત, લાઈબ્રેરીના સભ્યો તેમજ વાચનપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. રસ ધરાવતા સુજ્ઞજનોને ગોધરા ખાતે આ પ્રદર્શનની ૨૮ અને ૨૯ ઓક્ટોબરના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૮.૦૦ કલાક સુધી મુલાકાત લેવા ગ્રંથપાલએ આગ્રહભરી વિનંતી કરી હતી.

## ગોધરાના પ્રોફેસર ડો.રૂપેશ નાકરને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે રાજય કક્ષાનો શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ એનાયત

ગોધરા,

સ્વર્ણિમ સંકુલ-ગાંધીનગર ખાતે રાજયકક્ષાનો એન.એસ.એસ. એવોર્ડ સમારંભ યોજાયો હતો. જેમાં ગુજરાતના શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી સહિત રાજય કક્ષાના અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં રાજ્યની જુદી-જુદી યુનિવર્સિટીમાંથી પસંદગી પામેલા ૧૦ વિદ્યાર્થીઓ તથા ૫ પ્રોગ્રામ ઓફિસર સહિત કુલ ૧૫ લોકોને એન.એસ.એસ. વિભાગમાં તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ મહાનુભાવોના હસ્તે




પ્રમાણપત્ર અને એવોર્ડ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એવોર્ડ માટે પંચમહાલ-દાહોદ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારમાં આવેલી ગોવિંદગુરૂ યુનિવર્સિટીમાં એન.એસ.એસની કામગીરીમાં તનતોડ મહેનત કરનાર તથા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા ગોધરાની શેઠ પીટી આર્ટ્સ સાયન્સ કોલેજના બોટની વિભાગના પ્રોફેસર ડો. રૂપેશભાઈ નાકરની પણ પસંદગી થતાં તેમનું અહીં ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીના વરદ્ હસ્તે

(અનુ.પાના.નં.૨)

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાઘજીપુરનો ૪૬મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

ગોધરા,

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલું પંખીના માળા જેવું રળિયામણું ગામ આદર્શ વાઘજીપુર ગામ. આ ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલું છે. જે હજારો આસ્થાળુઓ અને શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર છે. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુકતજીવન સ્વામીબાપાએ પૂર્વ ગુજરાતના પંચમહાલ અને દાહોદમાં વસતા તે તે મુમુક્ષુ જીવો પર અપાર કરૂણા કરી અને આજથી ૪૬ વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ મંદિરની રચના કરી હતી અને એમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ શ્રી અબજીબાપશ્રી અને



સાર્વભૌમ નાદવંશીય ગુરૂપરંપરાઓની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી.

આજે પંચમહાલ અને દાહોદના સવાસો કરતાં પણ વધારે ગામોમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આશ્રિતો પ્રભુ ભજન કરી અને ભગવાનને રીઝવવા ભક્તિ કરી રહ્યા છે. વર્ષમાં જ્યારે પાટોત્સવ દિન આવે ત્યારે ભકતોનું ઘોડાપૂર ભગવાનના દર્શન, પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજનાં સમીપ દર્શન માટે ઉત્સુકતાથી ઉમટે છે. આજે પાટોત્સવ દિને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનો ૪૬ મો પાટોત્સવ વિધિ, અમૃત પાક, મોહનથાળ, મેસુબ વગેરે પકવાનો અને ફરસાણથી રસસભર અન્નકૂટ ધરાવી આરતી ઉતારી હતી. આ પ્રસંગે હરિભકતોએ શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ, જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, યુવા શિબિર વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના આશીર્વાદ શ્રવણ વગેરે અનેક ધાર્મિક કાર્યક્રમો આજના દિવસે ઉજવવામાં આવ્યા હતા. જેમાં પણ હજારો હરિભક્તોએ લાભ લીધો હતો.



પંચમહાલ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને રતનપુર પ્રાથમિક શાળા સ્ટુડન્ટ પોલીસ કેડેટ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ પરેડ નિરીક્ષણ અને બાળકો સાથે મુલાકાત પી.આઈ . પ્રજાપતિએ તેમજ પ્રોફેસન સમયગાળા નવા પી. આઈ.શીતલબેનમેડમ કરી. કાયદો અને વ્યવસ્થાનું પાલન કરવા અને જીવનમાં બાળકોને આગળ વધવાની પ્રેરણા અને આશીર્વચન આપ્યા, સુનિલભાઈ દરજી,દિપક, આચાર્ય ભરતભાઈ, ગોકળભાઈ પરમાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

## હાલોલના મોટી રણભેર ગામે ૮ વર્ષીય બાળકને સાપ કરડી જતાં મોત

હાલોલ,

હાલોલ તાલુકાના મોટી રણભેર ગામે ૮ વર્ષીય બાળકને ઝેરી સાપ કરડી જતાં દવા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના મોટી રણભેર ગામે રહેતા જગદીશભાઈ બારીયાનો ૮ વર્ષીય પુત્ર દિવ્યાંગને ૨૭ ઓકટોબરના રોજ ઝેરી સાપ કરડી જતાં દવા સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

## મોરવા(હ)ના ડાંગરીયા ચોકડી પાસે લોડીંગ છકડો પલ્ટી જતાં અંદર બેઠેલ ૫૨ વર્ષીય વ્યકિતનું મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના ડાંગરીયા થી આંબાવાડી ચોકડી જતા રોડ ઉપર થી પસાર થતા લોડીંગ છકડના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી પલ્ટી ખવડાવી દેતાં લોડીંગ ટેમ્પામાં બેઠેલ ૫૨ વર્ષીય વ્યકિતને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ડાંગરીયા થી આંબાવાડી ચોકડી જતાં રસ્તા ઉપર થી પસાર થતા લોડીંગ છકડા નંબર જીજે.૧૭.વીવી.૩૧૧૨ના ચાલક હરીશ દલપતભાઈ બારીયાએ

(અનુ.પાના.નં.૨)